## બારડોલીના મહે. એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.બારડોલી.

==========================================================

**ફોજદારી કેસ નં. ૬૦૮/૨૦૨૬**
**આંક– ૫**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે ગુજરાત નશાબંધી અધિ.૧૯૪૯ અને ગુજરાત નશાબંધી સુધારા અધિ. ૨૦૧૭ ની કલમ–૬૬(૧)(બી),૮૫(૧) મુજબનાં શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી માટે ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે. આજરોજ નાલ્સાના ઉપક્રમે નેશનલ લોક–અદાલતના આદેશ મુજબ સ્પે.સીટીંગ રાખેલ છે.
૨. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.
૩. આરોપી વિરૂધ્ધ પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.
૪. આરોપીએ આપેલ ગુના કબુલાત પૂરસીસ ધ્યાને લેતા આરોપીએ ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.
૫. તમામ રેકર્ડ ઉપરની હકીકતો લક્ષમાં લેતા અને આરોપી સામે કરેલ અપરાધિક આક્ષેપો ધ્યાને લેતા આ ગુનાની ટ્રાયલ માટે હાલ ફરીયાદી, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકારી અને તપાસ કરનાર અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતા ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી હોય તો આરોપીનો સમય, ફરીયાદ પક્ષે સરકારી વકીલોનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલ કરે છે ત્યારે તેણે ગુના કબુલાત સંદર્ભે રજૂ કરેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને લીટીગન્ટનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો, કેસની તમામ પરિસ્થિતિ ધ્યાને લઈ, તેમજ **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોરનાં ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નંબર–૭૦૯** ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી મીનીમમ સજા કરતા ઓછી સજા કરીને મીનીમમ દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાય રહે અને કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત (Proportionality of sentence) છે કે કોઈપણ ગુનામાં સજા કરવાની હોય તો તે સજા પણ ગુનાને અનુરૂપ હોવી જોઈએ. સદર કેસમાં સંડોવાયેલ આરોપીની આર્થિક, સામાજીક તથા પારીવારીક પરિસ્થિતિ ધ્યાને લેતા, સદર કેસમાં ઓછી સજા કરવી ન્યાયનાં હિતમાં વ્યાજબી જણાય છે જેથી ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) બી.એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ–૨૬૪ અન્વયે તકસીરવાન ઠરાવીને, પ્રત્યેક આરોપીને ગુજરાત નશાબંધી અધિ.૧૯૪૯ અને ગુજરાત નશાબંધી સુધારા અધિ. ૨૦૧૭ ની કલમ–૬૬(૧)(બી),૮૫(૧) મુજબનાં ગુન્હા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂ.૨૦૦/–(અંકે રૂપિયા બસો પુરા) નો** દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૩ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.
(૨) મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલનો અપિલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવો.

આ હુકમ આજરોજ **તારીખ :**૧૪ મી**, માહે :** માર્ચ **, સને :** ૨૦૨૬ ના રોજ લોક અદાલતના સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**(જે.એલ.પરમાર)**
જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
બારડોલી.
**કોડ નંબર:જીજે.૧૪૪૧.**